# 9th India-Colombia Foreign Office Consultations

May 07, 2021

## 9મી ભારત-કોલંબિયા વિદેશ કચેરીની વાટાઘાટો

મે 07, 2021

1. ભારત અને કોલંબિયા વચ્ચે નવમી વિદેશ કચેરીની વાટાઘાટો 7 મે 2021ના રોજ વીડિયો કોન્ફરન્સથી યોજાઈ હતી.

2. ભારતીય પક્ષે વાટાઘાટની આગેવાની રિવા ગાંગુલી દાસ, સેક્રેટરી (ઈસ્ટ)એ કરી હતી. કોલંબિયા તરફથી કોલંબિયાના વિદેશ મંત્રાલયના ઉપમંત્રી ફ્રાન્સિસ્કો જેવિયર ઈચેવેરીએ નેતૃત્વ કર્યું હતું.

3. ચાર વર્ષ પછી યોજાયેલી આ વાટાઘાટ ઉષ્માભર્યા દ્વિપક્ષીય સંબંધના વાતાવરણમાં યોજાઈ હતી અને દ્વિપક્ષીય સહકારના સમગ્ર વ્યાપની સંપૂર્ણ સમીક્ષા કરવાની તક મળી હતી, જેમાં રાજકીય, વ્યાપાર અને આર્થિક સહકાર, કૃષિ, અંતરિક્ષ, ઉર્જા, આરોગ્ય અને ફાર્માસ્યુટિકલ્સ, પર્યટન, ઈન્ફોર્મેશન ટેક્નોલોજી, શિક્ષણ, ડેવલપમેન્ટ ભાગીદારી, રમતગમત અને સંસ્કૃતિ અંગે ચર્ચાનો સમાવેશ થયો હતો. બંને પક્ષોએ પ્રસ્થાપિત દ્વિપક્ષીય ડાયલોગ પદ્ધતિ દ્વારા વાટાઘાટને આગળ વધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

4. બંને પક્ષોએ કોવિડ-19 રોગચાળાનો સામનો કરવા અને તેની અસરને પહોંચી વળવા તથા શ્રેષ્ઠ પદ્ધતિઓના આદાનપ્રદાન માટે સહકાર, મેનેજમેન્ટ પદ્ધતિઓ અને તબીબી સંશોધન અંગે સંબંધિત રાષ્ટ્રીય વ્યૂહરચના પર ચર્ચા કરી હતી

5. બંને પક્ષોએ યુનાઈટેડ નેશન્સ ખાતે સહકાર સહિત પરસ્પર હિતના પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દા પર પોતાના વિચારોનું આદાનપ્રદાન કર્યું હતું. તેઓ બહુસ્તરીય પ્રશ્નો પર એકબીજા સાથે મળીને કામ કરવા સહમત થયા હતા.

**નવી દિલ્હી**
**મે 07, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.